# માન. ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરીનું પ્રવચન

હું જળસંપત્તિ વિભાગની માંગણી ક્રમાંક ૬૬ ના સમર્થનમાં મારી વાત રજૂ કરું છું. (૧)

- મારો મતવિસ્તાર દાહોદ જિલ્લો નો દાહોદ તાલુકો ગુજરાત રાજયની પૂર્વ તરફ રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્ય ની સરહદને અડીને આવેલ છે. દાહોદ તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૬૧,૬૦૦ હેકટર છે. જે પૈકી ૪૩,૧૨૦ હેકટર ખેતીલાયક વિસ્તાર છે. આપણે સૌ જાણીએ છીએ કે તેમ સમગ્ર દાહોદ વિસ્તાર માટે કડાણા જળાશય આધારીત દાહોદ જિલ્લા માટેની ઉદવહન સિંચાઇ યોજના જીવાદોરી સમાન છે. દાહોદ તાલુકાના ડુંગરાળ વિસ્તારના દરેક ખેડૂતોના મનમાં કડાણા દાહોદ ઉદવહન સિંચાઇ યોજના દ્વારા પાણીની ઉપલબ્ધતા થાય તે માટે વારંવાર લગત ધારાસભ્યશ્રી અને સંસદસભ્યશ્રી દ્વારા રજૂઆતો વિભાગને મળતી હોય છે અને આ યોજના દ્વારા મહત્તમ વિસ્તારમાં મહત્તમ માત્રામાં પાણી આપી શકાય તે માટે જળસંપત્તિ વિભાગ કાર્યરત છે,
- મારા મત વિસ્તારમા કાડાણા જળાશય આધારીત દાહોદ જિલ્લા માટેની ઉદવહન સિંચાઇ યોજના દ્વારા દાહોદ તાલુકાના ખરેડી-૧, ખરેડી-૨, ઉસરવન, દેલસર, જાલત-૧, જાલત-૨, જાલત-3, છાપરી ગામોના કુલ ૯ તળાવો માં પાણી આપવામાં આવે છે. આ યોજનાથી અંદાજીત ૧૯૭૬ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળે છે. (૨)
- દાહોદ જીલ્લામાં દાહોદ તાલુકામાં આવેલ પાટાડુંગરી જળાશય યોજનાથી મારા મત વિસ્તારના દાહોદ તાલુકા ના ૨૫ ગામો માં ૪૮૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ નુ પાણી આપવામાં આવે છે.
- દાહોદ તાલુકા માં કુલ નાના-મોટા ૨૮૬ ચેકડેમ બનાવવામાં આવેલ છે, આ ચેકડેમ ના માધ્યમ થી દાહોદ તાલુકા ની અંદાજીત ૩૫૦૦ હેક્ટર વિસ્તાર ને સિંચાઈ નો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ મળે છે. (3)
- દાહોદ તાલુકામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંર્તગત વર્ષ ૨૦૨૩ માં કુલ-૧૩૦ ચેકડેમ તથા ૫૨ તળાવો ઉંડા કરવામાં આવે છે,જેનાથી અંદાજીત ૫.૦૦ લાખ ઘન.મી. માટી કાઢી અને પાણી ની સંગ્રહશક્તી માં વધારો કરેલ છે.

- દાહોદ તાલુકા ના હાલ અંદાજીત ૨૦૦ લાખ ના ખર્ચે નહેર સુધારણા ની કામગીરી કરવાનુ આયોજન કરવામાં આવેલ છે,જેના થકી પાટાડુંગરી જળાશય યોજના ના પિયત વિસ્તાર સરળતાથી સિંચાઈ નુ પાણી આપવામાં આવશે.
- દાહોદ તાલુકા માં વર્ષ ૨૦૨૪-૨૫ માં વિવિધ નદીઓ, કોતરો ઉપર કુલ- ૧૦ નવિન નાના-મોટા ચેકડેમ બનાવવા નુ આયોજન કરવામાં આવેલ છે, જે અંર્તગત હાલ આ યોજનાઓ માટે સર્વેક્ષણ ની કામગીરી પ્રગતી હેઠળ છે.આ યોજનાથી દાહોદ તાલુકા ના અંદાજીત ૧૫૦૦ હેક્ટર વિસ્તાર માં સિંચાઈ નો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ થશે.

આમ, સિંચાઇ અને ભૂમિસંરક્ષણની કામગીરી માટે પુરતી બજેટ જોગવાઇ માટે સરકારશ્રીનો આભાર વ્યક્ત કરૂ છું.